Monday
18.05.2026
*Volume :10 * Issue No.311
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ગાંધીનગરના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન ખાતે ઈન્કયુબેશન એન્ડ ઈનોવેશન સેન્ટરનું લોકાર્પણ કરતા શ્રી અમિતભાઈ શાહ

## NID એ માત્ર સંસ્થા નહીં પણ રચનાત્મકતા, ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતાને જોડતી દેશની સર્વોચ્ચ સંસ્થા હોવાનું જણાવતા શ્રી અમિતભાઈ શાહ







## યુવાનોમાં રહેલી ડિઝાઇન ક્ષેત્રની ક્ષમતાને શોધીને તેને કારકિર્દીલક્ષી બનાવવીએ આજના સમયની તાતી જરૂરીયાત - શ્રી અમિતભાઈ શાહ

કમલમ્,

ગાંધીનગર સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID) ખાતે નવનિર્મિત 'ઈન્ક્યુબેશન એન્ડ ઈનોવેશન સેન્ટર'નું કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કેન્દ્રીય વાણિજ્ય તથા ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. નવનિર્મિત ઈન્ક્યુબેશન એન્ડ ઈનોવેશન સેન્ટરનું લોકાર્પણ કર્યા બાદ શ્રી અમિતભાઈ શાહેનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID), ગાંધીનગર કેમ્પસની મુલાકાત પણ લીધી હતી. તેમણે NIDની સમગ્ર ટીમ, પ્રોફેસર્સ તથા દેશનું ભવિષ્ય એવા વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે અનેક-અનેક શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું હતું કે, NID એ રચનાત્મકતા, ઈનોવેશન અને ઉદ્યોગસાહસિક્તાને એકતાંતણે બાંધતી દેશની અગ્રણી સંસ્થા છે. વર્ષ ૧૯૬૧માં અમદાવાદમાં NIDની સ્થાપનાના ઐતિહાસિક ઉદ્દેશ્ય અંગે વાત કરતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, સામાન્ય રીતે ગુજરાતીઓ વ્યાપાર-રોજગાર સાથે જોડાયેલા હોવાની છાપ ધરાવે છે, છતાં ગુજરાતમાં NID ની સ્થાપના પાછળનો મુખ્ય હેતુ એ જ હશે કે દરેક વ્યક્તિમાં રહેલા આંતરિક ડિઝાઈનના સંસ્કાર અનેક્ષમતાને એક મજબૂત પ્લેટફોર્મ આપી સમાજ સમક્ષ લાવી શકાય. ડિઝાઈન એ માત્ર કળા કે કોઈ વસ્તુની આકર્ષક રજૂઆત પૂરતી સીમિત નથી, પરંતુ તે જગ્યાનો શ્રેષ્ઠ ઉપયોગ અને લોકઉપયોગિતા વધારવાનું વિજ્ઞાન છે. ક્રિકેટના ક્ષેત્રનું ઉદાહરણ આપતા શ્રી શાહે ભૂતકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમણે કહ્યું કે, "ભૂતકાળમાં સુનીલ ગાવસ્કર જેવા મહાન ખેલાડીઓને પણ ટેસ્ટ મેચ દીઠ ખૂબ ઓછું વળતર મળતું, જેના કારણે માતા-પિતા બાળકોને ક્રિકેટ રમતા રોકતા હતા. પરંતુ આઈપીએલ (IPL) આવ્યા પછી ક્રિકેટ એક શાનદાર કરિયર બની ગયું છે. NID અને ડિઝાઈનક્ષેત્રે પણ આ જ પ્રકારના વ્યાવસાયિક ક્ષમતાને સંપૂર્ણ બહાર લાવવાની જરૂર છે." દેશના પ્રતિભાવંત ડિઝાઈનર્સને યોગ્ય પ્લેટફોર્મ અને વળતર મળવું જ જોઈએ જેથી મધ્યમ વર્ગના યુવાનો પણ આ ક્ષેત્રને કરિયર તરીકે સ્વીકારવામાં ખચકાય નહીં. સંસ્થામાં પ્રદર્શન દરમિયાન ભારતીય ડિઝાઈનર નિતિન બોસ દ્વારા ડિઝાઈન કરાયેલી ગાડીઓનો ઉલ્લેખ કરતા શ્રી શાહે જણાવ્યું કે, આપણા દેશમાં ટેલેન્ટની કોઈ કમી નથી.

જો આ જ ડિઝાઈન જાપાનના કોઈ ડિઝાઈનરે કરી હોત તો તેને મળનાર વૈશ્વિક એક્સપોઝર અલગ સ્તરનું હોત. આ ખાઈને પૂરવા માટે તેમણે NID મેનેજમેન્ટને સૂચન કર્યું કે, સંસ્થામાં ડિઝાઈનર્સની સાથે સાથે તેમના કામનું વ્યાવસાયિકીકરણ કરી શકે તેવા નિષ્ણાતોનુંએક અલગ વિભાગ શરૂ કરવો જોઈએ, જેને લીધે વિદ્યાર્થીઓને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે. વર્ષ ૧૯૮૨માં પોતાની પાટણ મુલાકાતના અનુભવને યાદ કરતા શ્રી અમિતભાઈ શાહે 'પાટણના પટોળા'ની ડિઝાઈન પાછળ રહેલા ગહન વૈજ્ઞાનિક અભિગમ અને કલર કોમ્બિનેશનની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે આ આપણો ભવ્ય વારસો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આજે ડિઝાઈનનું વિસ્તરણ સોસાયટીના દરેક ક્ષેત્રમાં થવું જરૂરી છે. પછી ભલે તે કોઈ મોટો ઈન્ડસ્ટ્રિયલ પાર્ક હોય કે સેમિકન્ડક્ટર અને ચીપ ડિઝાઈન જેવું હાઈ-ટેક સેક્ટર હોય; દરેક ક્ષેત્રમાં ડિઝાઈન અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, એકવીસમી સદીમાં ક્રિએટીવિટી, ઈનોવેશન અને ડિઝાઈનથી જ રાષ્ટ્ર વૈશ્વિક પ્રતિસ્પર્ધામાં આગળ વધી શકે છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે, દ્રૈઢ્ઠ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશિતાથી ભારતની સર્જનાત્મકતાનું જીવંત પ્રતીક બની છે. મુખ્યમંત્રીશ્રીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સંસદીય મતક્ષેત્ર ગાંધીનગરમાં કાર્યરત NIDમાં શરૂ થયેલું આ ઈન્ક્યુબેશન અને ઈનોવેશન સેન્ટર એક નવો માઈલસ્ટોન બનવાની સાથે ડિઝાઈનર્સને પણ પ્રોત્સાહન આપશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી હવે ડિઝાઈન માત્ર એક વિષય જ નહિ, પરંતુ 'મેક ઈન ઈન્ડિયા', 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત' જેવા અભિયાનનું અમૂલ્ય અંગ છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર યુવા શક્તિના ટેલેન્ટ, ઈનોવેશન અને ક્રિએટિવિટીને પ્રોત્સાહન આપવા માટે હરહંમેશ પ્રતિબદ્ધ છે. એટલું જ નહિ, રાજ્યના નાગરિકોના ડી.એન.એ.માં જ ઉદ્યમ અને સાહસિકતા હોવાથી ગુજરાતમાં આજે ૧૬ હજાર સ્ટાર્ટઅપ કાર્યરત છે. આના કારણે રાજ્યને 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ'નો એવોર્ડ મળ્યો છે.

શ્રી પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગવા વિઝનથી દેશની શૈક્ષણિક સંસ્થાઓ એક્સેલન્સ અને ઈનોવેશનનું હબ બની છે. આ તકે તેમણે વિશેષ પ્રસંગ ટાંકતા જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈએ વડાપ્રધાન તરીકેનો પદભાર સંભાળતાની સાથે જ સંસદમાં સૌથી પહેલું બિલ 'નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ડિઝાઈન એક્ટ, ૨૦૧૪' પસાર કરાવ્યું હતું, આ ઐતિહાસિક બિલના કારણે N.I.D.ને 'ઈન્સ્ટીટ્યૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટેન્સ'નો દરજ્જો મળ્યો હતો. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દ્રૈઢ્ઠને મજબૂત સંસ્થાકીય માળખું પ્રાપ્ત થયું છે. ૨૦૦૦માં NIDમાં માત્ર ૩૫ સ્ટુડન્ટ ગ્રેજ્યુએશન કરી રહ્યા હતા, જ્યારે ૨૦૨૫માં આ સંખ્યા વધીને ૪૦૦થી વધુ થઈ છે. શ્રી પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ૨૧મી સદીના 'ડિકેડ'ને ભારતનો 'ટેકેડ' બનાવવાનો સંકલ્પ કરીને તેમાં યુવા શક્તિને જોડવા માટે સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામ લૉન્ચ કર્યો છે. આ કાર્યક્રમ હવે રિવોલ્યુશન બન્યો છે. એક દશક પહેલા દેશમાં માત્ર ૫૦૦થી પણ ઓછા સ્ટાર્ટઅપ હતો તે વધીને આજે લગભગ ૨ લાખ સ્ટાર્ટઅપ્સ કાર્યરત થયા છે. N.I.D.નું આ ઈન્ક્યુબેશન અને ઈનોવેશન સેન્ટર 'ચિપથી લઈને શિપ સુધી'ની ડિઝાઈનના નિર્માણમાં મહત્વપૂર્ણ માધ્યમ બનશે એવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે ગાંધીનગર સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID) ખાતે નવા ઈન્ક્યુબેશન અને ઈનોવેશન સેન્ટરના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારત આજે આત્મવિશ્વાસ સાથે વિશ્વગુરુ બનવા તરફ આગળ વધી રહ્યું છે. દેશના સર્વાંગી વિકાસ માટે ઈનોવેશન, ડિઝાઈન થીંકિંગ અને આંત્રપ્રિન્યોરશિપ એ 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેના મુખ્ય સ્તંભો છે. ભારત આજે વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવે છે અને ડિજિટલ કનેક્ટિવિટીના માધ્યમથી છેવાડાના યુવાનો પણ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા સજ્જ બન્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના 'ગુજરાત મોડેલ'ની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે, વિકાસ અને વિરાસતના સમન્વયથી આજે સમગ્ર દેશ પ્રગતિ કરી રહ્યો છે. તેમણે જણાવ્યું કે ભારતનો ઈતિહાસ પ્રાચીન સમયથી જ સ્થાપત્ય, વાસ્તુશાસ્ત્ર અને વિજ્ઞાનના ક્ષેત્રમાં અદ્યતન રહ્યો છે. દિલ્હીના કુતુબ મિનાર પાસેનો આયર્ન પિલર તેનું જીવંત ઉદાહરણ છે જે સદીઓ પછી પણ કાટમુક્ત રહ્યો છે. આ વારસાને આગળ ધપાવતા, વર્તમાન સરકારે મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયા જેવા અભિયાનો દ્વારા યુવાનોને રોજગાર શોધનારાને બદલે રોજગાર આપનારા બનાવ્યા છે. નવા સેન્ટરના મહત્વ પર ભાર મુકતા શ્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે ડિઝાઈન માત્ર સૌંદર્ય પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સામાન્ય માનવીના જીવનને સરળ બનાવવાનું માધ્યમ છે. મંત્રીશ્રીએ યુવા પેઢીને ત્રણ મુખ્ય આહવાન કર્યા હતા જેમાં ડ્રીમ બિગ, ડિઝાઈન બોલ્ડ, એટલે કે મોટા લક્ષ્યો રાખવા અને હિંમતપૂર્વક ડિઝાઈનિંગ કરવું, વિશ્વ માટે ડિઝાઈન તૈયાર કરવી એટલેકે સેમિકન્ડક્ટર, AI અને સ્પેસ ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવું), અને વોકલ ફોર લોકલના મંત્રને અપનાવી સ્થાનિક કારીગરો અને હસ્તકલાને પ્રોત્સાહન આપવું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ ઈનોવેશન સેન્ટર આવનારા સમયમાં દેશના ટાયર-૨ અને ટાયર-૩ શહેરો સુધી આધુનિકતા અને પરંપરાનો સંદેશ પહોંચાડીને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ કાર્યક્રમમાં NID ના ડાયરેક્ટર ડૉ. અશોક મોંડલ, જોઈન્ટ સેક્રેટરી શ્રી શિવપ્રકાશ શિવહરે, આમંત્રિત મહાનુભાવો, NIDના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ ખાતે 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' અને 'ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ'નું લોકાર્પણ



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ









## ગુજરાતે આઝાદી સમયથી દેશનું નેતૃત્વ કર્યું છે, તેવી જ રીતે ટેકનોલોજીના ક્ષેત્રે પણ ગુજરાત દેશનું નેતૃત્વ કરશેઃ-કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ

## ગુજરાત હવે ટેકનોલોજી, ઇનોવેશન અને નોલેજ આધારિત અર્થતંત્રનું વૈશ્વિક કેન્દ્ર બનશેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ ખાતે 'મિલિયન માઈન્ડ્સ ટેકપાર્ક' તથા 'ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ગુજરાતે આઝાદી સમયથી દેશનું નેતૃત્વ કર્યું છે, તેવી જ રીતે ટેકનોલોજીના ક્ષેત્રે પણ ગુજરાત દેશનું નેતૃત્વ કરશે. તેમણે કહ્યું કે ગુજરાતીઓના ડીએનએમાં ડેવલપમેન્ટ છે. આજે લોકાર્પણ કરાયેલા આ બંને પ્રોજેક્ટથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતને મેન્યુફેક્ચરિંગ હબથી આગળ વધારી વૈશ્વિક સેવા અને ટેક્નોલોજી ક્ષેત્રમાં અગ્રેસર રાજ્ય બનાવવાના વિઝનને નવી દિશા આપશે. તેમણે ગુજરાતને સર્વિસ સેક્ટરમાં ટોપ થ્રીમાં લાવવાની નેમ વ્યક્ત કરતા જણાવ્યું કે ગુજરાતે આર્થિક ગતિવિધિઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે. 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' દ્વારા રાજ્યમાં હજારો યુવાનો માટે ઉચ્ચ કૌશલ્ય આધારિત રોજગારીની નવી તકો ઊભી થશે. આ ટેક પાર્કમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), રોબોટિક્સ, સેમિકન્ડક્ટર સહિતના અદ્યતન ક્ષેત્રોમાં સંશોધન, નવીનતા અને ટેક્નોલોજી વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે. રાજ્યમાં વૈશ્વિક સ્તરની ટેક્નોલોજી ઈકોસિસ્ટમ વિકસાવવામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે 'ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ' રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વ્યાવસાયિકતા અને આધુનિકતા લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સંસ્થામાં આધુનિક અર્બન પ્લાનિંગ, ટેક્નોલોજી આધારિત અભ્યાસક્રમો તથા વૈશ્વિક ધોરણોને અનુરૂપ તાલીમ દ્વારા કુશળ માનવસંસાધન તૈયાર કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત આજે ટેક્નોલોજી, ઉદ્યોગ અને આધુનિક માળખાકીય વિકાસના ક્ષેત્રમાં દેશને નવી દિશા આપી રહ્યું છે. આવી વિશિષ્ટ સંસ્થાઓ અને ટેકનોલોજી આધારિત પ્રોજેક્ટ્સ રાજ્યને વૈશ્વિક અર્થતંત્રમાં વધુ મજબૂત સ્થાન અપાવવામાં સહાયક બનશે. તેમણે કહ્યું કે, વૈષ્ણોદેવી સર્કલ નજીક અમદાવાદ-ગિફ્ટ સિટી-ગાંધીનગર હાઈ ગ્રોથ કોરિડોરમાં આશરે ૬૫ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવી રહેલી આ ટેક સિટીમાં ગ્રેડ-એ ઓફિસ સ્પેસ, રહેણાંક સુવિધાઓ, રિટેલ અને હોસ્પિટાલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ દ્વારા આશરે ૭૦ હજારથી વધુ ઉચ્ચ કુશળતા ધરાવતી રોજગારીનું સર્જન થશે.

મુખ્યમંત્રીશ્રી

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાતે વિકાસની રાજનીતિને રાષ્ટ્રીય વિચારધારામાં પરિવર્તિત કરી છે. તેમણે જણાવ્યું કે ગુજરાતે મેન્યુફેક્ચરિંગ, પોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન એનર્જી, ફાર્મા અને રોકાણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. હવે રાજ્ય વિકાસના નવા તબક્કામાં આઈટી, ઈનોવેશન અને ટેક્નોલોજી આધારિત અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે 'મિલિયન માઈન્ડસ ટેક પાર્ક' ગુજરાતના ટેક્નોલોજી આધારિત વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ પ્રકલ્પ માત્ર રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ નહીં પરંતુ હાઈસ્કિલ રોજગારી સર્જન અને ડિજિટલ અર્થતંત્રને ગતિ આપનાર કેન્દ્ર બનશે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં વિશાળ પ્રમાણમાં રોજગારીનું સર્જન થશે. તેમણે વધુમાં જણાવ્યું કે ડિજિટલ ઈકોનોમી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમીકન્ડક્ટર, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર અને નોલેજ બેઝ્ડ સર્વિસીસ ક્ષેત્રે ગુજરાત ૨.૦નું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.

રાજ્ય સરકારની આઈટી પોલિસી તથા જીસીસી પોલિસી તેમજ કેન્દ્ર સરકારની પ્રોત્સાહક નીતિઓના કારણે ગુજરાતમાં આઈ.ટી સેક્ટરમાં ઝડપી વિકાસ થશે. તેમણે જણાવ્યું કે ગિફ્ટ સિટી આજે વૈશ્વિક નાણાકીય અને ટેકનોલોજી ઈકોસિસ્ટમ તરીકે વિકસી રહ્યું છે, જ્યારે સાણંદ અને ધોલેરા SIR વિસ્તારમાં વિકસતી સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ ગુજરાતને સેમિકન્ડક્ટર હબ તરીકે સ્થાપિત કરશે. ગિફ્ટ સિટી અને ધોલેરા આગામી સમયમાં ગુજરાતના આર્થિક વિકાસના શક્તિશાળી એન્જિન બનશે. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ-ધોલેરા વચ્ચે આશરે રૂ. ૨૦ હજાર કરોડના ખર્ચે નિર્માણ પામનારી દેશની પ્રથમ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટને મંજૂરી આપવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ પ્રકારનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દેશ-વિદેશના રોકાણોને આકર્ષવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. અમદાવાદ આજે મેટ્રો, રિવરફ્રન્ટ, એક્સપ્રેસ-વે, આધુનિક શહેરી સુવિધાઓ અને મજબૂત કનેક્ટિવિટી સાથે દેશના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં સ્થાન પામ્યું છે. કોમનવેલ્થ ગેમ્સ માટે વિકસતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે અમદાવાદ વૈશ્વિક શહેર તરીકે ઉભરી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રીએ 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત મહત્વપૂર્ણ યોગદાન આપશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને આ આધુનિક પ્રકલ્પ માટે ગણેશ ગ્રુપના ચેરમેન શ્રી દીપકભાઈ પટેલ તથા એમડી શ્રી શેખરભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રીશ્રી

આ કાર્યક્રમમાં યોજાયેલ પેનલ ડિસ્કશનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આવનારો સમય ગુજરાતનો છે અને દેશ-વિદેશમાંથી આવતા રોકાણકારો તથા ઉદ્યોગો માટે ગુજરાત સંપૂર્ણરીતે તૈયાર છે. તેમણે જણાવ્યું કે ગિફ્ટ સિટી આગામી સમયમાં વૈશ્વિક સ્તરની અનેક મોટી કંપનીઓનું કેન્દ્ર બનવાનું છે. ગુજરાત આજે માત્ર ઔદ્યોગિક વિકાસમાં જ નહીં પરંતુ ટેક્નોલોજી, નાણાકીય સેવાઓ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ પ્રસંગે ગણેશ હાઉસિંગ લિમિટેડના ચેરમેન શ્રી દિપકભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર અને CEO શેખર પટેલ, શ્રી અનમોલ પટેલ સહિત ઉદ્યોગપતિઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ટેકનોલોજીનો કમાલ: રોજ ૩૦ લાખ લીટર ગંદુ પાણી બનશે કાચ જેવું ચોખ્ખું, ગાંધીનગર મનપાની મોટી સિદ્ધિ

## રૂ. ૧૬.૧૧ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ આધુનિક એસટીપી પ્લાન્ટ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે ખુલ્લો મુકાયો; કોલવડા તળાવને મળશે નવજીવન






કમલમ્,
શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા તથા પર્યાવરણ સંરક્ષણને પ્રાથમિકતા આપતા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોલવડા ગામના તળાવને પ્રદૂષણમુક્ત બનાવવા માટે એક ભગીરથ પ્રોજેક્ટ સાકાર કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકા દ્વારા રૂ.૧૬.૧૧ કરોડના જંગી ખર્ચે તૈયાર કરાયેલ આધુનિક સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ આધુનિક એસટીપી પ્લાન્ટ દરરોજ ૩ એમ.એલ.ડી. એટલે કે અંદાજે ૩૦ લાખ લીટર જેટલા દૂષિત પાણીને વૈજ્ઞાનિક પદ્ધતિથી સંપૂર્ણ શુદ્ધ કરવાની ક્ષમતા ધરાવે છે. લાંબા સમયથી પ્રદૂષિત પાણીની સમસ્યાનો સામનો કરી રહેલા કોલવડા વિસ્તારને આ પ્રોજેક્ટના પરિણામે દુર્ગંધ, ગંદકી અને મચ્છરોના ઉપદ્રવમાંથી કાયમી મુક્તિ મળશે, તેમજ શુદ્ધ થયેલું પાણી તળાવમાં છોડવામાં આવવાના કારણે કોલવડા તળાવને ખરા અર્થમાં નવજીવન પ્રાપ્ત થશે. આ નવનિર્માણ પામેલા એસટીપી પ્લાન્ટમાં દૂષિત પાણીના શુદ્ધિકરણ માટે અત્યંત આધુનિક અને વૈજ્ઞાનિક 'ISR ટેકનોલોજી'નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે મુખ્યત્વે ત્રણ જટિલ તબક્કાઓ માં કામ કરે છે. પ્રથમ તબક્કામાં, જેને પ્રાથમિક સારવાર અથવા ઈક્વલાઈઝેશન ચેમ્બર કહેવામાં આવે છે, તેમાં દૂષિત પાણીમાં ઓર્ગેનિક એન્ઝાઈમનું ડોઝિંગ કરવામાં આવે છે અને એન્ઝાઈમ રિએક્શનની પ્રક્રિયા દ્વારા પાણીમાં રહેલા ભારે કણો તથા પ્રવાહીને કુદરતી રીતે અલગ કરવામાં આવે છે. ત્યારબાદ દ્વિતીય સારવારના એરેશન ચેમ્બરમાં ઓક્સિજનનું ઈન્ફ્યુઝન કરીને એરોબિક ડાયજેસ્ટરની પ્રક્રિયાને વેગ આપવામાં આવે છે, જે પાણીમાં રહેલા કાર્બનિક પદાર્થોનો નાશ કરે છે અને કેમિકલ ઓક્સિજન ડિમાન્ડ એટલે કે ઝીઓ તેમજ બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ - BOD ના સ્તરમાં આશ્ચર્યજનક ઘટાડો કરે છે. આ જ દ્વિતીય તબક્કાના સેટલિંગ ચેમ્બરમાં કોએગ્યુલન્ટ અને ઈલેક્ટ્રોલાઈટ ડોઝિંગ દ્વારા જમેલા કચરાના જથ્થાને પાણીથી અલગ પાડી દેવામાં આવે છે. અંતિમ તબક્કામાં ફિલ્ટર ફીડ ચેમ્બર દ્વારા ક્લોરિનેશન પ્રક્રિયા હાથ ધરીને પાણીને સંપૂર્ણપણે જંતુમુક્ત કરવામાં આવે છે અને ત્યારબાદ તૃતીય ગાળણ પ્રક્રિયા હેઠળ પાણીને ચાર વિશિષ્ટ ટેક્નોમાંથી પસાર કરવામાં આવે છે, જેમાં કમ્પ્રેસ્ડ સેન્ડ ફિલ્ટર ટેક, મલ્ટિગ્રેડ ફિલ્ટર ટેક, પાણીનો રંગ અને દુર્ગંધ દૂર કરતી એક્ટિવેટેડ કાર્બન ટેક તેમજ ન્યુમેટિક ફિલ્ટર્સનો સમાવેશ થાય છે, જેનાથી પાણી સ્ફટિક જેવું શુદ્ધ બની જાય છે. આ નવા પ્લાન્ટના કાર્યાન્વિત થવાથી તળાવમાં શુદ્ધ પાણીનો સતત પ્રવાહ જળવાઈ રહેશે, જેના કારણે તળાવની આસપાસનું પર્યાવરણીય સંતુલન અને જીવસૃષ્ટિ પુનઃ મજબૂત બનશે. આ સાથે જ તળાવમાં એકત્રિત થનારું શુદ્ધ પાણી જમીનમાં ઉતરવાથી સ્થાનિક સ્તરે ભૂગર્ભ જળનું રિચાર્જ વધશે, પાણીના તળ ઊંચા આવશે અને આસપાસના વિસ્તારોમાં પાણીની ગુણવત્તામાં પણ વ્યાપક સુધારો થશે. પર્યાવરણ સંબંધિત કડક નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા સાથે ગાંધીનગર મહાનગરપાલિકાનો આ પ્રયાસ માત્ર એક સામાન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ નથી, પરંતુ સ્વચ્છતા, જાહેર આરોગ્ય અને પર્યાવરણ પ્રત્યેની વહીવટી તંત્રની અતૂટ પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે, જે "સ્વચ્છ અને હરિત ગાંધીનગર" ના વિઝનને વધુ વેગ આપશે. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે અને મ્યુનિસિપલ કમિશનર શ્રી જે. એન. વાઘેલા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# અખંડાનંદ અને સસ્તુ સાહિત્યને વર્તમાન પ્રવાહો મુજબ લોક ભોગ્ય અને લોકગ્રાહી બનાવવા જરૂરી સૂચનો કરતા શ્રી અમિતભાઈ શાહ

## ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં પ્રગતિ હેઠળના વિવિધ વિકાસ પ્રકલ્પોની સમીક્ષા બેઠક યોજાઈ

**સરખેજ થી લઈને ગાંધીનગર સુધી મિનિમમ ટ્રાફિક સિગ્નલ સાથે નાગરિકો માટે ઝડપી, સુરક્ષિત, પ્રદૂષણ રહિત અને સુગમ રૂપ પરિવહનનું નિર્માણ થાય તે માટે સુગ્રથિત આયોજન કરવા હિમાયત કરતા શ્રી અમિતભાઈ શાહ**

**તળાવ ફક્ત બ્યુટિફિકેશન પૂરતા જ સીમિત ન રહે પરંતુ નાગરિકોના જીવનનું અભિન્ન અંગ તેમજ ચેતનાનું જીવંત કેન્દ્ર બને તે દિશામાં આયોજન હાથ ધરવા જરૂરી પગલાંઓ લેવા સબંધિત અધિકારીઓને સૂચના આપતા શ્રી અમિતભાઈ શાહ**



**કલોલ, સાણંદ અને બાવળા ક્ષેત્રમાં જળ ભરાવની સમસ્યાઓના નિકાલ અંગેના આયોજનની સમીક્ષા કરી સમય મર્યાદામાં ઉકેલ લાવવા દિશા નિર્દેશ આપતા શ્રી અમિતભાઈ શાહ**

## સંસદીય ક્ષેત્રની સાર્વજનિક હોસ્પિટલોમાં નાગરિકોને ઉત્તમ કક્ષાની સારવાર ઉપલબ્ધ થાય તથા રાજ્ય સરકાર દ્વારા પણ જરૂરી સહયોગ મળે તે માટે જરૂરી સૂચનો આપતા શ્રી અમિતભાઈ શાહ

કમલમ્,
ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં પ્રગતિ હેઠળના વિવિધ વિકાસ પ્રકલ્પોની સમીક્ષા બેઠક યોજાઈ ગઈ હતી. જેમાં સરખેજ ગાંધીનગર હાઈવેનું આધુનિકીકરણ, લોકસભા ક્ષેત્રના તળાવનુ બ્યુટીફિકેશન અને ઈન્ટરલિંકિંગ, રેઢઝ, ગાંધીનગર લોકસભા અને માણસા નગરપાલિકાના વિવિધ વિકાસ કાર્યો, લોકસભા ક્ષેત્રની સાર્વજનિક હોસ્પિટલોની કામગીરીમાં થયેલી પ્રગતિ અને અખંડાનંદ તેમજ સસ્તુ સાહિત્ય મુદ્રલાલય ટ્રસ્ટની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ ગઈ હતી. શ્રી શાહે સરખેજ ગાંધીનગર હાઈવેના આધુનિકીકરણ સંદર્ભે નાગરિકોને પરિવહનમાં સુગમતા સાથે સલામતી મળે તે માટે જરૂરી આયોજનની વિસ્તૃત સમીક્ષા કરી હતી. તેઓએ આ માટે પ્રશાસનિક અને પોલીસ વિભાગના અધિકારીઓને સંકલનથી યોગ્ય આયોજન હાથ ધરવા જરૂરી સૂચનાઓ પણ આપી હતી. સરખેજ ગાંધીનગર હાઈવેના વિકાસ સંદર્ભે જરૂરી સ્થળોએ ફુટ ઓવરબ્રિજ, પાર્કિંગ વ્યવસ્થા, લાઈટિંગ, સહિતની કામગીરી માટે ઈકો ફ્રેન્ડલી થીમ અપનાવવા શ્રી શાહે ખાસ હિમાયત કરી હતી. શ્રી શાહે સરખેજ થી લઈને ગાંધીનગર સુધી મિનિમમ ટ્રાફિક સિગ્નલ સાથે નાગરિકો માટે ઝડપી, સુરક્ષિત, પ્રદૂષણ રહિત અને સુગમ રૂપ પરિવહનનું નિર્માણ થાય તે માટે સુગ્રથિત આયોજન કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં સમગ્ર શહેરમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમન માટે લેવાયેલા પગલાંઓ અને ભવિષ્યના આયોજનની પણ શ્રી શાહે સમીક્ષા કરી હતી. શ્રી શાહે ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં તળાવોના બ્યુટિફિકેશન અને ઈન્ટરલિંકિંગ માટે ના કાર્યોની પ્રગતિ અને આયોજનની પણ સમીક્ષા કરી હતી. તેઓએ આ તળાવ ફક્ત બ્યુટિફિકેશન પૂરતા જ સીમિત ન રહે પરંતુ નાગરિકોના જીવનનું અભિન્ન અંગ તેમજ ચેતનાનું જીવંત કેન્દ્ર બને તે દિશામાં આયોજન હાથ ધરવા જરૂરી પગલાંઓ લેવા સબંધિત અધિકારીઓને માર્ગદર્શન તેમજ સૂચનાઓ આપ્યા હતા. તેઓએ ક્હ્યું હતું કે આ માટે યુવાઓ અને સિનિયર સિટીઝનની કમિટી બનાવવામાં આવે, તળાવની બહાર ફૂડ કોર્ટ અને તેમજ લાઈટિંગની તેમજ તળાવમાં બોટિંગની સુવિધા પણ શરૂ થાય તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. તળાવની આજુબાજુમાં ૭૦ ટકા બ્યુટિફિકેશન માટે તેમજ ૩૦ ટકા લાંબા આયુષ્ય ધરાવતા વૃક્ષોનું વાવેતર થાય તે માટે શ્રી શાહે ખાસ આગ્રહ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત શ્રી શાહે ગાંધીનગર સંસદીય ક્ષેત્રના કલોલ, સાણંદ અને બાવળામાં જળ ભરાવની સમસ્યાઓના નિકાલ અંગેના આયોજનની પણ સમીક્ષા કરી હતી. તેઓએ આગામી ચોમાસામાં જળ ભરાવને લીધે નાગરિકોને સમસ્યા ન પડે તે માટે ત્વરિત આયોજન હાથ ધરવા અને સમય મર્યાદામાં સમસ્યાનો ઉકેલ લાવવા જરૂરી સૂચનાઓ પણ આપી હતી. ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં સાર્વજનિક હોસ્પિટલોના કાર્યોની પ્રગતિની પણ શ્રી શાહે સમીક્ષા કરી, નાગરિકોને ઉત્તમ કક્ષાની સારવાર ઉપલબ્ધ થાય તથા રાજ્ય સરકાર દ્વારા પણ જરૂરી સહયોગ મળે તે માટે માર્ગદર્શન આપ્યું હતું. શ્રી શાહે અખંડાનંદ અને સસ્તુ સાહિત્ય મુદ્રલાલય ટ્રસ્ટની સમીક્ષા બેઠક પણ હાથ ધરી હતી અને અખંડાનંદ અને સસ્તુ સાહિત્યને વર્તમાન પ્રવાહો મુજબ લોક ભોગ્ય અને લોકગ્રાહી બનાવવા જરૂરી સૂચનો કર્યા હતા. શ્રી શાહે બેઠકમાં ગીતા, રામાયણ તેમજ 'અખંડ આનંદ' માસિક પત્રિકાના પ્રકાશન, મુદ્રણ અને વિતરણ કાર્યોને લઈને વિગતવાર ચર્ચા કરી હતી.

# સમગ્ર ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં આંગણવાડીમાં એકપણ બાળક રમકડાંથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા આગ્રહ કરતા શ્રી અમિતભાઈ શાહ

## ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં કાર્યરત "રમશે બાળક ખીલશે બાળક" અભિયાનના ઇન્ચાજશ્રીઓ, સહ ઇન્ચાજશ્રીઓ તેમજ ઘાટલોડિયા, નારણપુરા, સાબરમતી અને વેજલપુર વિધાનસભાના એએમસી માં ચૂંટાયેલા કોર્પોરેટરશ્રીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી સંવાદ સાધતા શ્રી અમિતભાઈ શાહ



**ઘાટલોડિયા, નારણપુરા, સાબરમતી અને વેજલપુર વિધાનસભાના એએમસી માં ચૂંટાયેલા કોર્પોરેટરશ્રીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી નાગરિકોના સેવા અને કલ્યાણ હેતુ અહર્નિશ પ્રતિબદ્ધ રહેવા હિમાયત કરતા શ્રી અમિતભાઈ શાહ**

કમલમ્,
ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં કાર્યરત "રમશે બાળક ખીલશે બાળક" અભિયાનના ઈન્ચાજશ્રીઓ, સહ ઈન્ચાજશ્રીઓ તેમજ ઘાટલોડિયા, નારણપુરા, સાબરમતી અને વેજલપુર વિધાનસભાના એએમસી માં ચૂંટાયેલા કોર્પોરેટરશ્રીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી સંવાદ સાધ્યો હતો. શ્રી શાહે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કાર્યરત "રમશે બાળક ખીલશે બાળક" અભિયાનના ઈન્ચાજશ્રીઓ અને સહ ઈન્ચાજશ્રીઓને બિરદાવ્યા હતા તેમજ આ અભિયાનને સમગ્ર સંસદીય ક્ષેત્રમાં વધુ વ્યાપક અને ઘનિષ્ઠ બનાવવા તેમજ લોક ભાગીદારી વધારવા જરૂરી માર્ગદર્શન આપી અને સૂચનો કર્યા હતા. તેઓએ સમગ્ર ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં આંગણવાડીમાં એકપણ બાળક રમકડાંથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા આગ્રહ સેવ્યો હતો. શ્રી શાહે ઘાટલોડિયા, સાબરમતી, નારણપુરા અને વેજલપુર વિધાનસભા ક્ષેત્રોમાંથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાયેલા કોર્પોરેટરશ્રીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી નાગરિકોના સેવા અને કલ્યાણ હેતુ અહર્નિશ પ્રતિબદ્ધ રહેવા હિમાયત કરી હતી. તેઓએ કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપાએ ટ્રાન્સફોર્મ, પર્ફોર્મ અને રિફોર્મની નીતિ સાથે નાગરિકોની સુખાકારી અને જીવનધોરણને ઉત્કૃષ્ટ બનાવવા અનેક પહેલ કરી છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં રાજ્યની ભાજપા સરકારે પણ લોક કલ્યાણકારી અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓને જન જન સુધી પહોંચાડવા તેઓએ પ્રત્યેક નગરસેવકોને આહવાન પણ કર્યું હતું. ચૂંટાયેલા તમામ કાઉન્સિલરો જનતાની અપેક્ષાઓ પર ખરા ઉતરીને સમર્પણ, સંવાદ અને સેવા ભાવ સાથે કાર્ય કરી વિસ્તારના વિકાસમાં પોતાની સક્રિય ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ પણ શ્રી શાહે વ્યક્ત કર્યો હતો.

# અમદાવાદના શાહીબાગ ખાતે શ્રી પંચાલ મિલન મંદિર ટ્રસ્ટના નૂતન હોલનું ઉદ્ઘાટન કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## સમાજના વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યો માટે આ નવનિર્મિત હોલ આગામી સમયમાં એક ઉત્તમ માધ્યમ બનશે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા







**તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં સારી શાસન વ્યવસ્થા માટે ચિંતન શિબિરોનું આયોજન કરીને દિશા દર્શાવી હતી તે મુજબ સમાજના બંધારણમાં પણ યુવાનોને સાથે લઈ ચર્ચા અને આયોજન કરવા પર ભાર મુકતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

કમલમ્,
ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના વરદ હસ્તે અમદાવાદના શાહીબાગ ખાતે શ્રી પંચાલ મિલન મંદિર ટ્રસ્ટના 'નૂતન હોલ' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રી શ્રી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સમાજની પ્રગતિને કંડારતા 'સોવેનિયર'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, સમાજના વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યો માટે આ નવનિર્મિત હોલ આગામી સમયમાં એક ઉત્તમ માધ્યમ બનશે. તેઓએ સમાજના પરિવારજનો વચ્ચે ઉપસ્થિત રહેવાનો અવસર મળવા બદલ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે, સમાજને મજબૂત બનાવવા માટે શું કરી શકાય તે અંગે સતત પ્રયાસો થવા જોઈએ અને તેમાં શિક્ષણને સૌથી મહત્વપૂર્ણ પાયો ગણાવ્યો. યુવાનો આગળ આવે અને સમાજ માટે પોતાનું યોગદાન આપે તે અત્યંત આવશ્યક છે. શિક્ષણ સાથે સામાજિક સંસ્કારોનું સંવર્ધન પણ એટલું જ જરૂરી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને ટાંકીને તેમણે જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં સારી શાસન વ્યવસ્થા માટે ચિંતન શિબિરોનું આયોજન કરીને દિશા દર્શાવી હતી. એ જ રીતે સમાજના બંધારણમાં પણ યુવાનોને સાથે લઈને સમાજને કઈ દિશામાં આગળ વધારવો તે અંગે ચર્ચા અને આયોજન થવું જોઈએ. આપણે પરંપરાગત કૌશલ્ય યુવા પેઢીને વારસામાં આપવું જોઈએ, જેથી જૂની કળાઓનું સંરક્ષણ થઈ શકે. આ કાર્યક્રમમાં સમાજશ્રેષ્ઠીઓ, સામાજિક આગેવાનો, અગ્રણીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના દશેલા ખાતે અંદાજિત રૂ. ૧૨૮ કરોડના ખર્ચે મધુર ડેરીના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ

## ડેરી સેક્ટરમાં 'સર્ક્યુલર ઇકોનોમી'નો અમલ કરીને પશુપાલકોની આવકમાં ૨૦ ટકાની વૃદ્ધિનો લક્ષ્યાંકઃ કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ







## ગુજરાતની ધરતી સદીઓથી સહકારની ભાવનાથી સમૃદ્ધ ધરતી છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ

- મધુર ડેરીનો નવો પ્લાન્ટ પશુપાલકોની આર્થિક ઉન્નતિનો આધાર બનશે : ૭૫ ટકા નફો સીધો જ પશુપાલકોના બેંક ખાતામાં જમા થશે
- ગુજરાતમાં ૩૬ લાખ પશુપાલક બહેનો પ્રતિ દિન રૂ. ૨૦૦ કરોડની આવક મેળવી ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવે છે
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'શ્વેત ક્રાંતિ - ૨.૦' વિઝન હેઠળ આગામી ૧૦ વર્ષમાં દેશમાં દૂધ-ઉત્પાદન ત્રણ ગણું કરવાનો લક્ષ્યાંક







વડાપ્રધાનશ્રીએ બદલાતા પ્રવાહો સાથે સહકાર ક્ષેત્ર પણ કદમથી કદમ મિલાવી શકે એવા વિઝનથી 'સહકાર સે સમૃદ્ધિ'નો માર્ગ અપનાવ્યો છેઃ મુખ્યમંત્રીશ્રી



કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિત શાહના વરદ હસ્તે આજે ગાંધીનગરના દશેલા ખાતે મધુર ડેરીના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રીશ્રી શ્રી હર્ષ સંઘવી, સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે પશુપાલક બહેનોએ કેન્દ્રીય સહકારીતા મંત્રી શ્રી અમિત શાહનું સ્વાગત પણ કર્યું હતું. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, દશેલા ખાતે ૧૫ એકર જમીનમાં રૂ. ૧૨૮ કરોડના ખર્ચે નવનિર્મિત આ સંપૂર્ણ ઓટોમેટિક મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ પશુપાલકોની આર્થિક ઉન્નતિનો આધાર બનશે. આ પ્લાન્ટ દૈનિક અઢી લાખ લીટર દૂધનું પ્રોસેસિંગ કરશે, જેને ભવિષ્યમાં પાંચ લાખ લીટર સુધી વધારવાનું આયોજન છે. આ પ્લાન્ટના સંચાલનનો ખર્ચ બાદ કર્યા પછી બચેલો આશરે ૭૫ ટકા નફો સીધો જ પશુપાલકોના બેંક ખાતામાં જમા થશે. ડેરી સેક્ટરને મહિલા સશક્તીકરણનું વિશેષ માધ્યમ ગણાવતા શ્રી શાહે ઉમેર્યું કે, આજે ગુજરાતમાં ૩૬ લાખ પશુપાલક બહેનોના માધ્યમથી દૈનિક ત્રણ કરોડ લીટર દૂધ એકત્રિત કરવામાં આવે છે, જેના પરિણામે દરરોજ અંદાજે રૂ. ૨૦૦ કરોડની રકમ સીધી બહેનોના બેંક ખાતામાં જમા થાય છે. તેમણે અંગત અનુભવ વર્ણવતા કહ્યું કે, પહેલા જે બહેનો આર્થિક રીતે સ્વનિર્ભર ન હતી, તે આજે તે આજે ડેરી સેક્ટરને કારણે 'ઘરની શેઠ' બની છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ જાહેરાત કરતા કહ્યું હતું કે, ડેરી સેક્ટરમાં 'સર્ક્યુલર ઈકોનોમી'ને પ્રોત્સાહન આપી પશુપાલકોની આવકમાં ઓછામાં ઓછો ૨૦ ટકા વૃદ્ધિનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેમણે અમૂલની પ્રોડક્ટ્સ પ્રત્યે લોકોમાં વધી રહેલા વિશ્વાસનું ઉદાહરણ આપતા કહ્યું કે અમૂલની સુગર ફ્રી ચોકલેટ એ "સુગર ફ્રી ચોકલેટ" શ્રેણીમાં દેશમાં પ્રથમ ક્રમે છે, જેનો સીધો ફાયદો ખેડૂતો સુધી પહોંચી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે, શ્વેત ક્રાંતિ ૨.૦ અંતર્ગત આગામી ૧૦ વર્ષમાં દેશનું કુલ દૂધ ઉત્પાદન ત્રણ ગણુ વધારવાનો લક્ષ્યાંક નિર્ધારીત કરવામાં આવ્યો છે. અમૂલે ટેકનોલોજીના માધ્યમથી પશુપાલકોનો નફો વધારવાનું કામ કર્યું છે. તેમણે તાજેતરમાં વડાપ્રધાન દ્વારા લોન્ચ કરાયેલ એઆઈ ડિજિટલ સહાયક 'સરલાબેન'નો ઉલ્લેખ કર્યો હતો, જે આજે ગ્રામીણ વિસ્તારની બહેનોને પશુપાલન અને ખેતીમાં મદદરૂપ થઈ રહી છે. આ તકે કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીએ મધુર ડેરીની પ્રગતિની પ્રશંસા કરતા જણાવ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલ, ત્રિભુવનભાઈ પટેલ અને ડૉ. વર્ગીસ કુરિયનની પરંપરાને આગળ ધપાવી છે. મધુર ડેરીએ વર્ષ ૧૯૭૧માં માત્ર ૪ મંડળીઓ અને ૬,૦૦૦ લીટર દૂધ એકત્રિકરણથી શરૂ કરેલી યાત્રા આજે રૂ. ૨૬૮ કરોડના વાર્ષિક ટર્નઓવર સુધી પહોંચી છે. આ અવસરે ઉપસ્થિત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મધુર ડેરીના મિલ્ક પ્રોસેસીંગ અને પેકેજિંગ પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતુ કે, ગુજરાતની ધરતી સહકારની ભાવનાથી સદીઓથી સમૃદ્ધ ધરતી છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બદલાતા જતા પ્રવાહો સાથે સહકાર ક્ષેત્ર પણ કદમથી કદમ મિલાવી શકે એવા વિઝન સાથે 'સહકાર સે સમૃદ્ધિ'નો માર્ગ અપનાવ્યો છે. એટલું જ નહિ, વડાપ્રધાનશ્રીએ વિકાસની રાજનીતિનો નવો ઈતિહાસ સર્જ્યો છે, તેમાં પણ સૌના સહકારથી દેશની સમૃદ્ધિનો જ ભાવ હૈયે રાખ્યો છે. તેના પરિણામે જનતા-જનાર્દનનો અપાર વિશ્વાસ અને ભરોસો મળ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ મધુર ડેરીના ઐતિહાસિક સંસ્મરણો વાગોળતા કહ્યું કે, આજથી સાડા પાંચ દાયકા પહેલાં માત્ર ત્રણ-ચાર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓએ આ સંઘ શરૂ કર્યો હતો અને હવે ગાંધીનગરવાસીઓની પ્રત્યેક સવાર મધુર બ્રાન્ડ નેઈમના દૂધની 'ચા' થી જ પડે છે. તેમણે મધુર ડેરી અને ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘની અન્ય વિશેષતાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ગાંધીનગરમાં દૂધ વાપરનારાઓની એટલે કે ગ્રાહકોની સહકારી મંડળી પચાસ વર્ષથી કાર્યરત છે. ૧૫ હજાર સભાસદો ધરાવતી આ મંડળી ૨૩૦ વિતરણ કેન્દ્રો પરથી મધુર ડેરીના દૂધનું વિતરણ કરે છે. મુખ્યમંત્રીશ્રીએ મધુર ડેરીના આ કાર્યક્રમને શ્રી અમિતભાઈના દિશાદર્શનમાં ગાંધીનગર માટે શ્વેત ક્રાંતિથી વિકાસ ક્રાંતિનો ઉત્સવ ગણાવ્યો હતો અને ડેરીની વિકાસ ગાથામાં જે નવું સોપાન ઉમેરાયું તે માટે મધુર ડેરી પરિવારને અભિનંદન આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે મંચ પરથી કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહનું બંગાળની ચૂંટણીના વિજયનો શ્રેય આપીને અભિવાદન કર્યું હતું. પશ્ચિમ બંગાળના લોકોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વને પ્રચંડ સમર્થન આપ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. શ્રી અમિતભાઈએ સંગઠન શક્તિ, કાર્યકર્તા આધારિત રાજકારણ અને જન વિશ્વાસ કેવી રીતે જીતી શકાય તેનું જીવંત ઉદાહરણ પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામોથી બતાવ્યું છે તેની પણ મુખ્યમંત્રીશ્રીએ પ્રસંશા હતી. આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહ રાણાએ શાબ્દિક સ્વાગત કરીને મધુર ડેરીની વિસ્તૃત ભૂમિકા આપી હતી. આ પ્રસંગે અમૂલ ફેડેરેશન-જીસીએમએમએફના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી, નાફેડના ચેરમેન શ્રી જેઠાભાઈ આહીર, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલ, દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરૂણકુમાર સોલંકી, મધુર ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સહકારી આગેવાનો સહિત મોટી સંખ્યામાં પશુપાલકો તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ

# ગાંધીનગરના નાગરિકોને મળી સ્વાસ્થ્યની ભેટ

## કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે સેક્ટર-૨૫ અને સરગાસણમાં આધુનિક યોગ સ્ટુડિયોનું લોકાર્પણ









## ફિટ ઇન્ડિયાને વેગઃ ગાંધીનગરમાં ઓલ-વેધર ઇન્ડોર યોગ સ્ટુડિયોનું ભવ્ય લોકાર્પણ

કમલમ્,

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશ્ય સાથે એક મહત્વપૂર્ણ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના વરદ હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ સેક્ટર-૨૫ અને સરગાસણ ખાતે નવનિર્મિત આધુનિક યોગ સ્ટુડિયોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. રૂ. ૨.૯૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ પ્રોજેક્ટના કારણે ગાંધીનગરના અંદાજે ૨,૦૦૦થી વધુ નાગરિકોને સીધો લાભ મળશે અને "ફિટ ઈન્ડિયા" અભિયાનને એક નવો વેગ મળશે. આ યોગ સ્ટુડિયો માત્ર એક ઈન્ડોર હોલ નથી, પરંતુ નાગરિકોને શાંતિપૂર્ણ અને વ્યવસાયિક સ્તરનું વાતાવરણ પૂરું પાડતું એક સંપૂર્ણ વેલનેસ સેન્ટર છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઋતુગત ફેરફારોથી મુક્ત, બારેય મહિના ઉપયોગ કરી શકાય તેવા અને વિશિષ્ટ ફ્લોરિંગ ધરાવતા આધુનિક ઈન્ડોર યોગ હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, એકાગ્રતા અને ધ્યાન માટે અનુકૂળ લાઈટિંગ અને અત્યાધુનિક સાઉન્ડ સિસ્ટમ ગોઠવવામાં આવી છે. નાગરિકોની સુવિધા માટે સ્ત્રી-પુરુષો માટે અલગ ચેન્જિંગ રૂમ, શૌચાલય અને શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે, તેમજ માનસિક શાંતિનો અનુભવ થાય તે માટે સ્ટુડિયોની આસપાસ આહલાદક લેન્ડસ્કેપિંગ અને ગ્રીનરી વિકસાવવામાં આવી છે. યોગ્ય સંચાલન અને માર્ગદર્શન મળી રહે તે માટે યોગ પ્રશિક્ષકો માટે અલગ વહીવટી ખંડની પણ જોગવાઈ કરાઈ છે. આ પ્રોજેક્ટની શરૂઆત તા.૦૨/૧૨/૨૦૨૪ના રોજ થઈ હતી જેને ૦૧/૧૧/૨૦૨૫ના રોજ પૂર્ણ કરીને આજે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ સુવિધાથી સેક્ટર-૨૫, સરગાસણ અને તેની આસપાસના વિસ્તારોના રહીશોને ઘર આંગણે જ આંતરરાષ્ટ્રીય સ્તરની યોગ સુવિધાઓ મળશે, જેનાથી તેમની જીવનશૈલી તણાવમુક્ત બનશે અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધશે. આ કેન્દ્રો માત્ર દૈનિક યોગાભ્યાસ પૂરતા મર્યાદિત ન રહેતા, આગામી સમયમાં વેલનેસ વર્કશોપ અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી માટેના સામુદાયિક કેન્દ્રો તરીકે ઉપયોગી સાબિત થશે. ગાંધીનગરના નાગરિકોના સર્વાંગી વિકાસ અને સુખદ જીવનશૈલીના ઈન્ડેક્સમાં આ પ્રોજેક્ટ મહત્વનો ભાગ ભજવશે. ગાંધીનગર મહાનગરપાલિકા સ્માર્ટ સિટી અંતર્ગત ભૌતિક વિકાસની સાથે-સાથે નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સતત કટિબદ્ધ છે, જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આ નવનિર્મિત યોગ સ્ટુડિયો છે.

# જનગણના ૨૦૨૭ અન્વયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોતાની સ્વ-ગણતરી ઓનલાઈન માધ્યમથી પૂર્ણ કરીને વસ્તી ગણતરી ૨૦૨૭ની સ્વ-ગણતરીનો ઔપચારિક પ્રારંભ કરાવ્યો

## રાજ્યના લોકોને આજથી ૩૧-૦૫-૨૦૨૬ સુધીના નિર્ધારિત ૧૫ દિવસમાં સ્વ-ગણતરી કરીને મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કવાયતમાં સક્રિયપણે ભાગ લેવા અનુરોધ કર્યો



## ૨૦૨૭ની વસ્તી ગણતરીમાં પ્રથમ વખત શરૂ કરાયેલી સ્વ-ગણતરી પદ્ધતિથી ઓનલાઈન પોર્ટલ અને મોબાઇલથી માહિતી આપી શકાશે.

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જનગણના ૨૦૨૭ અન્વયે આજથી શરૂ થયેલી સ્વગણતરીનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. તા.૩૧-૦૫-૨૦૨૬ સુધીના નિર્ધારિત ૧૫ દિવસમાં લોકો પોતાની જરૂરી વિગતો જાતે ઓનલાઈન ભરીને આ પ્રક્રિયામાં સહભાગી થઈ શકશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના પરિવારની વિગતો વસ્તી ગણતરી પ્લેટફોર્મ પર ઓનલાઈન ભરીને સ્વ-વસ્તી ગણતરીની ઔપચારિક શરૂઆત કરાવી હતી. તેમણે રાજ્યના નાગરિકોને પણ આ રાષ્ટ્રીય સ્તરે મહત્વની કવાયતમાં સક્રિયપણે ભાગ લઈને સશક્ત, સમાવિષ્ટ અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા પણ અનુરોધ ક્ર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ વખતે વસ્તી ગણતરી-૨૦૨૭ સંપૂર્ણપણે ડિજિટલ મોડથી પોર્ટલ અને મોબાઈલ આધારિત કરવામાં આવી રહી છે. સ્વ-ગણતરીની આ પહેલ નાગરિકોને સરળ, સુરક્ષિત અને અનુકૂળ ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડે છે તેના થકી નાગરિકો ગમે ત્યાંથી પોતાની માહિતી ઓનલાઈન સબમિટ કરી શકે છે. નાગરિકો https://se.census.gov.in/ પરથી જરૂરી માર્ગદર્શન દ્વારા તેમની સ્વ-ગણતરી પૂર્ણ કરી શકે છે તેમજ સક્રિય નાગરિક ભાગીદારીથી પોતાની વિગતો ઓનલાઈન ભરીને સમયસર અને સચોટ માહિતી પણ આપી શકે છે. વસ્તી ગણતરી-૨૦૨૭માં પ્રથમ વખત સ્વ-ગણતરી પદ્ધતિ રજૂ કરવામાં આવી રહી છે. ગુજરાતમાં આ ગણતરી ૧૭થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન વેબ પોર્ટલ પર નાગરિકો પોતાની વિગતો પૂરી પાડીને સ્વ ગણતરી માં ભાગ લઈ શકશે. ત્યારબાદ ૧ થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન ૧ લાખથી વધુ વસ્તી ગણતરી કાર્યકર્તાઓ દ્વારા હાઉસ લિસ્ટીંગ ઓપરેશન્સ (HLO) હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોતાની વિગતો સ્વ ગણતરી અંતર્ગત ભરી તે વેળાએ રાજ્યના વસ્તી ગણતરી સંચાલન નિયામક શ્રી સુજલ મયાત્રાએ તેમને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને તેમને જનગણના અંગેની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028